Arvind Limited
LALBHAI GROUP
Naroda Road, Ahmedabad 380 025, India
T +91 79 30138000 W www.arvind.com
CIN - L17119GJ1931PLC000093

ARVIND

1st May, 2017

BSE Limited
Corporate Relationship Department
1st Floor, Phiroze Jeejeebhoy Towers
Dalal Street
Mumbai - 400 001

**Security Code : 500101**
**Security ID : ARVIND**

National Stock Exchange of India Ltd.
Exchange Plaza, 5th Floor
Plot No. C/1, G. Block
Bandra-Kurla Complex
Bandra (E)
Mumbai - 400 051

**Symbol : ARVIND**

**Ref: Scheme of Arrangement in the nature of Amalgamation of Arvind Brands & Retail Limited (Transferor Company-1), Arvind Garments Park Private Limited (Transferor Company-2) and Dholka Textile Park Private Limited (Transferor Company-3) with Arvind Limited (Transferee Company) and their respective shareholders and creditors under Section 230-232 of the Companies Act,2013 ("Scheme").**

**Sub: Newspaper Advertisements regarding Notices of Meetings of Equity Shareholders, Secured Creditors and Unsecured Creditors.**

Dear Sirs,

1. We refer to our earlier letter dated 27th April, 2017, intimating inter alia that the Meetings of the Equity Shareholders and Unsecured Creditors of the Company will be held on Friday, 9th June, 2017 at J.B. Auditorium, Ahmedabad Management Association Complex, Atira Road, Ahmedabad-380 015 and Meeting of Secured Creditors of the Company will be held on Friday, 9th June, 2017 at the registered office of the company at Arvind Premises, Naroda Road, Ahmedabad-380 025. Soft copies of the said notices have been filed by us on the online portals of BSE and NSE on 27th April, 2017 respectively. The said Notices have also been uploaded on the website of the Company.

2. We are now enclosing herewith copies of the Newspaper Notices published on 1st May, 2017 as per direction of NCLT vide its order dated 7th April, 2017 in the above connection in the following newspapers :-

   a) Indian Express (Ahmedabad edition in English Language)
   b) Sandesh (Ahmedabad edition in Gujarati Language)

You are requested to take the same on your record.

Thanking you,

Yours faithfully,
For Arvind Limited,

ARVIND LIMITED NARODA ROAD 380025 AHMEDABAD

R. V. Bhimani
Company Secretary ~~& Compliance Officer~~
M. No. A6738

Encl: As above.

SANDESH AHMEDABAD MONDAY 1•05•2017
સંદેશ
05

# નેશનલ કંપની લૉ ટ્રાઇબ્યુનલમાં
## અમદાવાદ ખંડપીઠ
### સીએ (સીએએ) નંબર ૧૫/એન.સી.એલ.ટી./અમદા/૨૦૧૭

કંપની ધારા ૨૦૧૩ની બાબતમાં;
અને
કંપની ધારા ૨૦૧૩ની કલમો ૨૩૦થી ૨૩૨ અને અન્ય લાગુ પડતી કલમો અન્વયે;
અને
અરવિંદ લીમીટેડની બાબતમાં
અને
અરવિંદ બ્રાન્ડ્સ એન્ડ રીટેઇલ લીમીટેડ, અરવિંદ ગાર્મેન્ટ્સ પાર્ક પ્રાઇવેટ લીમીટેડ
અને ધોળકા ટેક્સ્ટાઇલ પાર્ક પ્રાઇવેટ લીમીટેડના
અરવિંદ લીમીટેડ સાથેના જોડાણની તથા તેમના શેરહોલ્ડર્સ
અને લેણદારો સાથેની યોજનાની બાબતમાં.

અરવિંદ લીમીટેડ,
ભારતીય કંપની ધારા ૧૯૧૩ અન્વયે નોંધાયેલ કંપની
જેની રજીસ્ટર્ડ ઓફિસ નરોડા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૫
ખાતે ગુજરાત રાજ્યમાં આવેલ છે. ...અરજદાર ટ્રાન્સફરી કંપની

**અરજદાર ટ્રાન્સફરી કંપનીના ઇક્વીટી શેરહોલ્ડર્સ, તારણવાળા લેણદારો અને બીનતારણવાળા લેણદારોની સભાઓ બોલાવવાની નોટીસ**

આથી ખબર આપવામાં આવે છે કે તા. ૭મી એપ્રિલ સને ૨૦૧૭નાં રોજ કરવામા આવેલ હુકમથી નેશનલ કંપની લો ટ્રાઇબ્યુનલની અમદાવાદ ખંડપીઠે અરવિંદ બ્રાન્ડ્સ એન્ડ રીટેઇલ લીમીટેડ, અરવિંદ ગાર્મેન્ટ્સ પાર્ક પ્રાઇવેટ લીમીટેડ અને ધોળકા ટેક્સ્ટાઇલ પાર્ક પ્રાઇવેટ લીમીટેડના અરવિંદ લીમીટેડ સાથેના જોડાણની તથા તેમના શેરહોલ્ડર્સ અને લેણદારો સાથેની યોજનાની બાબત અંગે વિચારણા કરવા સારૂ અને જો યોગ્ય લાગે તો તેને સુધારા સાથે અથવા સુધારા વગર મંજુર કરવા માટે સદરહુ કંપનીના ઇક્વીટી શેરહોલ્ડર્સ, તારણવાળા લેણદારો અને બીનતારણવાળા લેણદારોની અલગ સભાઓ બોલાવવાની સૂચના આપી છે.

સદરહુ હુકમની રુઇએ તથા તેમાં જણાવ્યા પ્રમાણે આથી વિશેષમાં જણાવવાનું કે સદરહુ કંપનીના ઇક્વીટી શેરહોલ્ડર્સ અને બીનતારણવાળા લેણદારોની અલગ સભાઓ તા. ૯મી જુન ૨૦૧૭, શુક્રવારના રોજ સવારે ક્રમશઃ ૯:૪૫ અને ૧૧.૦૦ વાગે જે.બી. ઓડિટોરીયમ, અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન કોમ્પ્લેક્સ, અટીરા રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫ ખાતે ગુજરાત રાજ્યમાં મળશે. તો તે જગ્યાએ અને સમયે સદરહુ જણને હાજર રહેવા વિનંતી છે.

સદરહુ હુકમની રૂઇએ તથા તેમાં જણાવ્યા પ્રમાણે આથી વિશેષમાં જણાવવાનું કે, સદરહુ કંપનીના તારણવાળા લેણદારોની સભા તા. ૯મી જુન ૨૦૧૭, શુક્રવારના રોજ બપોરે ૩:૦૦ વાગે કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ, અરવિંદ પ્રીમાઇસીસ, નરોડા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૫ ખાતે ગુજરાત રાજ્યમાં મળશે.

સદરહુ યોજનાની અને કલમ-૨૩૦ અને ૨૩૨ મુજબના નિવેદનની નકલો અરજદાર કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ અથવા તેમના વકીલ શ્રીમતી સ્વાતિ સૌરભ સોપારકરની ઓફિસ ૩૦૧, શિવાલીક-૧૦, એસ.બી.આઇ, ઝોનલ ઓફિસની સામે, જુની એક્સાઇઝ ચોકી પાસે, એસ.એમ. રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫ ખાતેથી ઓફિસના કલાકો દરમિયાન વિનામૂલ્યે મળી શકશે.

સદરહુ સભામાં હાજર રહેવાનો અને મત આપવાનો જેમને અધિકાર છે તેઓ જાતે અથવા પ્રોક્ષી દ્વારા મત આપી શકશે પરંતુ તે અંગેની જોગવાઇ એવી છે કે મુકરર પ્રોક્ષીના ફોર્મ કંપનીની રજીસ્ટર્ડ ઓફિસે સભા મળવાના ૪૮ કલાક અગાઉ જમા કરાવવા જોઇએ. પ્રોક્ષીના ફોર્મ કંપનીની રજીસ્ટર્ડ ઓફિસેથી મળી શકશે.

નામદાર ટ્રાઇબ્યુનલે શ્રી સંજય એસ. લાલભાઈ, કંપનીના ચેરમેન તથા તેમની ગેરહાજરીમાં શ્રી જયેશ કે. શાહ, કંપનીના ડિરેક્ટર તથા તેમની ગેરહાજરીમાં શ્રી પુનિત એસ. લાલભાઈ, કંપનીના ડિરેક્ટરની સભાના ચેરમેન તરીકે નિમણુંક કરી છે. ઉપર જણાવેલ યોજના જો સભાઓ મંજુર રાખે તો ત્યારબાદ ટ્રાઇબ્યુનલની મંજુરીને આધીન રહેશે.

વધુમાં કંપનીના ઇક્વીટી શેરહોલ્ડર્સને આથી ખબર આપવામાં આવે છે કે :

(૧) અરજદાર કંપનીએ યોજના અંગે વિચારણા કરવા અને મંજુરી આપવા માટે પોસ્ટલ બેલોટ અને ઇ-વોટીંગની વ્યવસ્થા કરી છે. મીટીંગના સ્થળે મતદાન બેલોટ/પોલીંગ પેપરથી કરવામાં આવશે. ઇ-વોટીંગ માટે નેશનલ સીક્યોરીટીસ ડીપોઝીટરી લીમીટેડની (એન.એસ.ડી.એલ.) સુવીધા લેવામાં આવશે.

(૨) ઇક્વીટી શેરહોલ્ડરની પોસ્ટલ બેલોટ, ઇ-વોટીંગ કે મીટીંગના સ્થળના મતદાન માટેની લાયકાત ગણવા માટેની છેલ્લી તારીખ ૩૧મી માર્ચ ૨૦૧૭ છે. જેનું નામ સભ્યોની યાદીમાં કે ડીપોઝીટરી દ્વારા જળવાતી લાભદાયી માલીકોની યાદીમાં છેલ્લી તારીખ સુધીમાં નોંધાયલ હોય, તેને જ મત આપવાનો અધિકાર છે. જે લોકો છેલ્લી તારીખ સુધીમાં કંપનીના ઇક્વીટી શેરહોલ્ડર્સ નથી, તેઓ માટે આ જાહેરાત માહિતી પુરતી જ છે.

(૩) પોસ્ટલ બેલોટ અને ઇ-વોટીંગ દ્વારા મતદાન તારીખ ૧૦મી મે ૨૦૧૭ સવારે ૯:૦૦ વાગે શરૂ થશે અને તારીખ ૮મી જૂન ૨૦૧૭ સાંજે ૫:૦૦ વાગે પૂરુ થશે.

(૪) અરજદાર કંપનીએ છેલ્લી તારીખ ૩૧મી માર્ચ ૨૦૧૭ના રોજ ભૌતિક કે ડમિટીરીયલાઇઝડ રૂપે શેરો ધરાવતા દરેક ઇક્વીટી શેરહોલ્ડરને સભા અંગેની નોટીસ, પોસ્ટલ બેલોટ ફોર્મ તેને લગતી સુચનાઓ સાથે, સરનામા સહિતના અગાઉથી ચુકવાયેલ ધંધાના જવાબના પરબીડીયા, બીજા કાગળો સહિત તારીખ ૨૯મી એપ્રિલ ૨૦૧૭ના રોજ રવાના કરી દીધા છે.

(૫) જે ઇક્વીટી શેરહોલ્ડર્સને આ પોસ્ટલ બેલોટ ફોર્મ મળ્યા ન હોય તે અરજદાર કંપનીની વેબસાઇટ www.arvind.com પરથી ડાઉનલોડ કરી શકે છે અથવા કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ પરથી ડુપ્લિકેટ પ્રત મેળવી શકે છે.

(૬) યોગ્યરૂપે ભરાયેલા અને સહી થયેલા પોસ્ટલ બેલોટ ફોર્મ સ્કુટીનાઇઝરને તારીખ ૮મી જુન ૨૦૧૭ સાંજે ૫:૦૦ વાગ્યા પહેલા મોકલી આપશો. ત્યારબાદ કોઈ પોસ્ટલ બેલોટ ફોર્મને મત ગણતરીમાં લેવામાં નહીં આવે. એન.એસ.ડી.એલ. દ્વારા ઇ-વોટીંગ મોડ્યુલને પણ મતદાન માટે તારીખ ૮મી જુન ૨૦૧૭ સાંજે ૫:૦૦ વાગ્યા બાદ કાર્યરત રાખવામાં નહીં આવે.

(૭) મતદાન દરમ્યાન ઇક્વીટી શેરહોલ્ડર્સ કોઈ એક જ રીતે મત આપી શકશે. જેમકે પોસ્ટલ બેલોટ અથવા ઇ-વોટીંગ જો કોઈ શેરહોલ્ડર બંને રીતે મત આપશે, તો ઇ-વોટીંગથી અપાયેલ મત માન્ય ગણાશે. જે ઇક્વીટી શેરહોલ્ડર્સ પોસ્ટલ બેલોટ અથવા ઇ-વોટીંગથી મતદાન કર્યું હોય તે મીટીંગમાં હાજર રહી શકશે પરંતુ ફરી મત આપી નહીં શકે. જો ફરી મત આપશે તો તે રદબાતલ ગણાશે. એક વાર મતદાન કર્યા બાદ બદલી નહીં શકાય.

(૮) શ્રી હિતેશ બુચ, વ્યાવસયીક કંપની સેક્રેટરીની આ મીટીંગોના સ્કુટીનાઇઝર તરીકે નિમણુંક કરવામાં આવી છે. જેથી પોસ્ટલ બેલોટ, ઇ-વોટીંગ તેમજ મીટીંગોમાં થતું મતદાન નિષ્પક્ષ અને પારદર્શી રીતે થાય.

(૯) પોસ્ટલ બેલોટને લગતા કોઈ પણ પ્રશ્ન કે ફરીયાદ શ્રી આર. વી. ભીમાણી, અરજદાર કંપનીના કંપની સેક્રેટરીને ઉપરોક્ત જણાવેલ રજિસ્ટર્ડ ઓફિસે અથવા ઇ-મેલ investor@arvind.in અથવા ટેલીફોન ૦૭૯-૩૦૧૩૮૦૦૦૫૨ કરવી. ઇ-વોટીંગને લગતા કોઈપણ પ્રશ્ન કે ફરીયાદ શ્રી રાજીવ રંજન, આસીસ્ટન્ટ મેનેજર, એન.એસ.ડી.એલ.ને સંબોધીને કરી શકાય છે. તેમની ઇ-મેલ evoting@nsdl.co.in અને ટોલ-ફ્રી ટેલીફોન ૧૮૦૦-૨૨૨-૯૯૦ છે.

(૧૦) પોસ્ટલ બેલોટ અને ઇ-વોટીંગને લગતી સુચના સહીત આ ખબર કંપનીની વેબસાઇટ www.arvind.com અને એન.એસ.ડી.એલની વેબસાઇટ www.evoting.nsld.com ઉપર પણ છે.

તારણવાળા લેણદારો અને બીનતારણવાળા લેણદારોની મીટીંગોમાં, મીટીંગના સ્થળે બેલોટ/પોલીંગ પેપરથી મત લેવામાં આવશે.

તા. ૩૦મી એપ્રિલ, ૨૦૧૭
રજિસ્ટર્ડ ઓફિસઃ નરોડા રોડ,
અમદાવાદ - ૩૮૦૦૨૫
ગુજરાત રાજ્ય

સંજય એસ. લાલભાઈ
સભાઓ માટે નીમાયેલ ચેરમેન

ARVIND LIMITED
NARODA ROAD
380025
AHMEDABAD